# આરોગ્ય વિભાગ
# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં આરોગ્ય વિભાગના નવા મંજુર થયેલ અર્બન સીએચસી(UCHC) ખાતે વીઝીટીંગ તજજ્ઞ, ૧૧ માસ માટે કરાર આધારીત પેરા મેડીકલ સ્ટાફ તેમજ આઉટ સોર્સિંગથી તદન હંગામી ધોરણે અન્ય નીચે જણાવેલ જગાઓ પર ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.- ૦૧/૦૭/૨૦૨૨ (૧૩.૦૧કલાક) થી તા. ૧૦/૦૭/૨૦૨૨ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગા |
|---|---|---|
| (૧) વીઝીટીંગ તજજ્ઞ(કન્સલટન્ટ) :- (માનદ વેતનથી) | | |
| ૧ | રેડીયોલોજીસ્ટ | ૩ |
| ૨ | પેથોલોજીસ્ટ | ૩ |
| ૩ | ફીઝીશીયન | ૩ |
| ૪ | જનરલ સર્જન | ૩ |
| ૫ | એનેસ્થેટીસ્ટ | ૩ |
| (૨) પેરા મેડીકલ સ્ટાફ :- (૧૧ માસ માટે કરાર આધારીત) | | |
| ૧ | એક્સ રે (રેડીયોલોજી) ટેક્નીશીયન | ૩ |
| ૨ | એક્સ રે (રેડીયોલોજી) આસીસ્ટન્ટ | ૩ |
| ૩ | લેબોરેટરી ટેક્નીશીયન | ૩ |
| ૪ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૩ |
| ૫ | ફાર્માસિસ્ટ | ૧૨ |
| (૩) અન્ય સ્ટાફ :- (આઉટ સોર્સિંગ) | | |
| ૧ | પટાવાળા | ૯ |
| ૨ | વોર્ડ બોય | ૧૮ |
| ૩ | આયા | ૦૯ |
| ૪ | વોચમેન | ૦૯ |
| ૫ | સફાઇ સેવક/સ્વીપર | ૧૮ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ૦૧(એક) વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે

ડે.મ્યુનિસિપલ કમિશનર(વ)

પી.આર.ઓ. નં ૩૦૭/૨૨-૨૩ વડોદરા મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ
# વડોદરા મહાનગરપાલિકા

## ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૩૦૭/૨૦૨૨-૨૩)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| વીઝીટીંગ તજજ્ઞ(કન્સલટન્ટ) :- (માનદ વેતનથી) | | | | |
| ૧ | રેડીયોલોજીસ્ટ | ૩ | (૧) એમ.ડી. ઇન રેડીયોલોજી અને ૨ વર્ષનો કામનો અનુભવ **અથવા** (૨) પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમા ઇન રેડીયોલોજી અને ૪ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | સી.એમ.સેતુ યોજના અંતર્ગત પ્રત્યેકને રૂ. ૭૦૦/-પ્રતિ કલાક મુજબ માનદ વેતન(પ્રતિ દિન ૦૩ કલાકથી |
| ૨ | પેથોલોજીસ્ટ | ૩ | (૧) એમ.ડી.ઇન પેથોલોજી અને ૨ વર્ષનો કામનો અનુભવ **અથવા** (૨) પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમા ઇન પેથોલોજી અને ૪ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | વધુ નહીના ધોરણે) |
| ૩ | ફીઝીશીયન | ૩ | (૧) એમ.ડી/એમ.એસ. ઇન મેડીસીન અને ૨ વર્ષનો કામનો અનુભવ **અથવા** (૨) પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમા ઇન મેડીસીન અને ૪ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | |
| ૪ | જનરલ સર્જન | ૩ | (૧) એમ.એસ. ઇન જનરલ સર્જરી અને ૨ વર્ષનો કામનો અનુભવ **અથવા** (૨) પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમા ઇન જનરલ સર્જરી અને ૪ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | |
| ૫ | એનેસ્થેટીસ્ટ | ૩ | (૧) એમ.ડી. ઇન એનેસ્થેસિયા અને ૨ વર્ષનો કામનો અનુભવ **અથવા** (૨) પોસ્ટ ગ્રેજ્યુએશન ડીપ્લોમા ઇન એનેસ્થેસિયા અને ૪ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | |
| પેરા મેડીકલ સ્ટાફ :- (૧૧ માસ માટે કરાર આધારીત) | | | | |
| ૬ | એક્સ રે (રેડીયોલોજી) ટેક્નીશીયન | ૩ | (૧) માન્ય સંસ્થામાંથી ફીઝીક્સના વિષય સાથે વિજ્ઞાન પ્રવાહમા સ્નાતક (૨) માન્ય સંસ્થામાંથી એક્સ રે ટેક્નીશીયનનો કોર્ષ કરેલો હોવો જોઇએ (૩) ૧ વર્ષનો કામનો અનુભવ | ૧૭,૦૦૦/- |
| ૭ | એક્સ રે (રેડીયોલોજી) આસીસ્ટન્ટ | ૩ | (૧) માન્ય સંસ્થામાંથી ફીઝીક્સ અને બાયો કેમેસ્ટ્રીના વિષય સાથે વિજ્ઞાન પ્રવાહમા સ્નાતક (૨) માન્ય સંસ્થામાંથી એક્સ રે ટેક્નીશીયનનો કોર્ષ કરેલો હોવો જોઇએ | ૧૫,૦૦૦/- |
| ૮ | લેબોરેટરી ટેક્નીશીયન | ૩ | (૧) માન્ય સંસ્થામાંથી કેમેસ્ટ્રી/માઇક્રોબાયોલોજી ના વિષય સાથે વિજ્ઞાન પ્રવાહમા સ્નાતક (૨) માન્ય સંસ્થામાંથી મેડીકલ લેબોરેટરી ટેક્નીશીયનનો કોર્ષ કરેલો હોવો જોઇએ (૩) ૧ વર્ષનો કામનો અનુભવ | ૧૭,૦૦૦/- |
| ૯ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૩ | (૧) માન્ય સંસ્થામાંથી અંગ્રેજી, ફીઝીક્સ અને કેમેસ્ટ્રી ના વિષય સાથે સ્નાતક (૨) માન્ય સંસ્થામાંથી મેડીકલ લેબોરેટરી ટેક્નીશીયનનો કોર્ષ કરેલો હોવો જોઇએ | ૧૫,૦૦૦/- |
| ૧૦ | ફાર્માસિસ્ટ | ૧૨ | (૧) માન્ય સંસ્થામાંથી ફાર્મસીમા સ્નાતક **અથવા** (૨) માન્ય સંસ્થામાંથી ફાર્મસીમા ડીપ્લોમા અને ૨ વર્ષનો કામનો અનુભવ (૩) ગુજરાત ફાર્માસી કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | ૧૭,૦૦૦/- |
| અન્ય સ્ટાફ :- (આઉટ સોર્સિંગ) | | | | |
| ૧૧ | પટાવાળા | ૯ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, અંગ્રેજી જાણકારને પ્રાધાન્ય | ૮,૫૦૦/- |
| ૧૨ | વોર્ડ બોય | ૧૮ | ધોરણ-૭ પાસ, ગુજરાતી ભણેલા અને કામનો અનુભવ | ૮,૫૦૦/- |
| ૧૩ | આયા | ૯ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, ૩ વર્ષનો અનુભવ | ૮,૫૦૦/- |
| ૧૪ | વોચમેન | ૯ | ધોરણ-૮ પાસ તેમજ ગુજરાતી ભાષાનું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.આર્મીના એક્સ સર્વીસમેનને પસંદગીમાં પ્રાધાન્ય | ૮,૫૦૦/- |
| ૧૫ | સફાઇ સેવક/સ્વીપર | ૧૮ | ધોરણ-૪ પાસ, સફાઇની કામગીરી કરી શકે તેવો હોવો જોઇએ | ૮,૫૦૦/- |

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૦૧/૦૭/૨૦૨૨ (૧૩-૦૧ કલાક) થી તા. ૧૦/૦૭/૨૦૨૨(૨૩-૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **વયમર્યાદા:** (૧) વીઝીટીંગ તજજ્ઞ(કન્સલટન્ટ) માટે ૬૭ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   (૨) પેરા મેડીકલ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફ માટે ૫૮ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
5. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.

6. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
7. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
8. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
9. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
10. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
11. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
12. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
13. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૩૦/૦૬/૨૦૨૨